Seat No. : ___________

# TC-08

**Advanced Accountancy & Auditing**
**Paper IV**

**Time : 3 Hours]** **[Total Marks : 70**

**સૂચના :** (1) કૌંસમાં આપેલ સંખ્યા પ્રશ્નના ગુણ દર્શાવે છે.
(2) તમારા ઉત્તરના ભાગરૂપે તમારી ગણત્રીને દર્શાવો.

1. AB કંપની લિમીટેડ તમને પ્રક્રિયા નં. 3 ને લગતી ફેબ્રુઆરી 2005 ના મહિનાની નીચેની માહિતી પૂરી પાડે છે. તે પરથી પ્રક્રિયા નં. 3 નું ખાતુ બનાવો. **14**

| | રૂા. | |
|---|---|---|
| • પ્રક્રિયા નં. 3 માં શરૂઆતનો સ્ટોક 2000 એકમો | 28,800 | |
| • પ્રક્રિયા નં. 2 માંથી લાવ્યા 85,200 એકમો | 6,61,600 | |
| • પ્રક્રિયા નં. 3 માં દાખલ કરેલ પ્રત્યક્ષ માલસામાન | 3,21,440 | |
| • પ્રત્યક્ષ મજૂરી | 1,58,480 | |
| • કારખાનાના પરોક્ષ ખર્ચ | 79,240 | |
| • ભંગારમાં કાઢી નાખેલ એકમો | 4,400 | એકમો |
| • પ્રક્રિયા નં. 4 ખાતે લઈ ગયેલ એકમો | 75,600 | એકમો |
| • પ્રક્રિયા નં. 3 નો આખરનો સ્ટોક | 7,200 | એકમો |

પૂર્ણતાની કક્ષા :

| | **શરૂઆતનો સ્ટોક** | **આખરનો સ્ટોક** | **ભંગાર** |
|---|---|---|---|
| માલસામાન | 70 % | 80 % | 100 % |
| મજૂરી | 50 % | 60 % | 80 % |
| કારખાનાના પરોક્ષ ખર્ચા | 50 % | 60 % | 80 % |

પ્રક્રિયામાં સામાન્ય બગાડ ઉત્પાદનના 5% હતો અને ભંગાર એકમ દીઠ રૂા. 3 લેખે વેચવામાં આવે છે. કંપની ફિફો (FIFO) પદ્ધતિ અનુસરે છે.
(જરૂરી બધીજ ગણતરી દર્શાવો.)

**અથવા**

**(અ)** જુદાં જુદાં અંદાજપત્રો તૈયાર કરવા માટે ધ્યાનમાં રાખવાના પરિબળો ટૂંકમાં સમજાવો. **7**

**(બ)** રાજેન્દ્ર લિમીટેડ 30-6-2005 ના રોજ પૂરા થતા ત્રણમાસ માટેનું વેચાણ બજેટ બનાવવા માંગે છે. તે તમને નીચેની માહિતી આપે છે. **7**

(i) વેચાણનું પ્રમાણ નીચે મુજબ છે.

| **વિસ્તાર** | **વસ્તુ X (એકમો)** | **વસ્તુ Y (એકમો)** |
|---|---|---|
| A | 60 % | 30 % |
| B | 15 % | 40 % |
| C | 25 % | 30 % |

(ii) વેચાણ કિંમત એકમ દીઠ રૂા. 12 રૂા. 18

50 % વેચાણ રોકડેથી થાય છે અને ઉધાર વેચાણના નાણા બીજે મહિને મળે છે.

(iii) માર્ચ 2005 ના મહિના દરમિયાન રૂા. 70,000 નું વેચાણ થયેલ છે અને ચાર માસના વેચાણનો અંદાજ નીચે પ્રમાણે છે. (એકમમાં)

| | | **વસ્તુ X** | **વસ્તુ Y** |
|---|---|---|---|
| એપ્રિલ | 2005 | 1,500 | 3,000 |
| મે | 2005 | 1,700 | 3,200 |
| જૂન | 2005 | 2,000 | 3,600 |
| જુલાઈ | 2005 | 2,250 | 3,800 |

2. આનંદ એન્ડ કંપની એક વસ્તુનું ઉત્પાદન કરે છે તે ત્રણ પ્રક્રિયામાંથી પસાર થાય છે. તેની ફેબ્રુઆરી 2005 દરમિયાનના ઉત્પાદનને લગતી માહિતી નીચે મુજબ છે. **14**

| **વિગત** | **પ્રક્રિયા I રૂા.** | **પ્રક્રિયા II રૂા.** | **પ્રક્રિયા III રૂા.** | **તૈયાર માલ રૂા.** |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 40,000 | 48,000 | 32,000 | 1,20,000 |
| પ્રત્યક્ષ માલસામાન | 80,000 | 84,000 | 1,20,000 | – |
| પ્રત્યક્ષ મજૂરી | 60,000 | 60,000 | 64,000 | – |
| ઉત્પાદનના શિરોપરી ખર્ચા | 56,000 | 24,000 | 1,60,000 | – |
| આખર સ્ટોક | 20,000 | 24,000 | 16,000 | 60,000 |
| દરેક પ્રક્રિયા પર પડતર ઉપર નફો | $33\frac{1}{3}$ % | 25 % | 25 % | – |
| શરૂઆતના સ્ટોક પર આંતર પ્રક્રિયા નફો | – | 8,000 | 8,000 | 44,000 |

દરેક પ્રક્રિયાનો સ્ટોક પ્રાથમિક પડતરને ધોરણે આંકવામાં આવે છે અને તૈયાર માલનો સ્ટોક જે કિંમતે તે પ્રક્રિયા III માંથી મળે છે તે કિંમતે જ આંકવામાં આવે છે. તે સમય દરમિયાન વેચાણ રૂા. 14,00,000 નું થયું હતું.

નીચે મુજબ તૈયાર કરો અને ગણતરી કરો

(a) દરેક તબક્કે નફો દર્શાવતાં પ્રક્રિયા ખાતા.

(b) ખરેખર મળેલ નફાનું પત્રક.

(c) પાકા સરવૈયાના હેતુ માટે સ્ટોકનું મૂલ્ય.

**અથવા**

**2.** **(અ)** ''સમાન પડતર પદ્ધતિનો ઉપયોગ કોઈ એક ઉદ્યોગમાં શક્ય નથી'' તમે આ વિધાન સાથે સંમત છો ? વિગતવાર ચર્ચા કરો. **7**

**(બ)** નીચેની માહિતી પરથી 30 જૂન 2005 ના રોજ પૂરા થતા ત્રણમાસ માટેનું રોકડ અંદાજપત્ર બનાવો. **7**

| | **રૂા.** |
|---|---|
| • 1 એપ્રિલ 2005 ના રોજ રોકડ અને બેંક સિલક | 75,000 |
| • અંદાજેલ માસિક પગાર અને મજૂરી | 30,000 |
| • ચૂકવવાપાત્ર વ્યાજ, મે 2005 | 15,000 |

**અંદાજ**

| | **માર્ચ** | **એપ્રિલ** | **મે** | **જૂન** |
|---|---|---|---|---|
| | **રૂા.** | **રૂા.** | **રૂા.** | **રૂા.** |
| રોકડ વેચાણ | ખરેખર | 4,20,000 | 4,56,000 | 3,63,000 |
| ઉધાર વેચાણ | 3,00,000 | 2,40,000 | 4,20,000 | 3,60,000 |
| ખરીદી | 4,80,000 | 5,10,000 | 7,20,000 | 5,40,000 |
| અન્ય ખર્ચા | – | 60,000 | 66,000 | 63,000 |

ઉધાર વેચાણના નાણા પૈકી 50 % રકમ જે મહિને વેચાણ થયું હોય તે મહિને મળે છે અને બાકીની 50% રકમ બીજે મહિને મળે છે. ઉધાર વેચાણની ઉઘરાણી પર જો તેજ માસમાં નાણા મળે તો 5 % વટાવ આપવામાં આવે છે અને બીજા મહિને નાણા મળે તો 2.5 % વટાવ મળે છે.

લેણદારોને તરતજ નાણા ચૂકવાય છે અથવા 30 દિવસમાં નાણા ચૂકવાય છે. એવો અંદાજ છે કે 10% જેટલા લેણદારોને તાત્કાલિક નાણા ચૂકવવા પડે છે.

**3.** **(અ)** એક કંપનીના ઉત્પાદન મિશ્ર અંગેની માહિતી નીચે મુજબ છે. **10**

| **વિગત** | **વસ્તુ** | | |
|---|---|---|---|
| | **અ** | **બ** | **ક** |
| એકમદીઠ કાચોમાલ | 10 કિલો | 6 કિલો | 15 કિલો |
| મજૂરીના કલાક (દર રૂા. 1 પ્રતિ કલાક) | 15 | 25 | 20 |
| એકમદીઠ વેચાણ કિંમત | 125 | 100 | 200 |
| મહત્તમ શક્ય ઉત્પાદનના એકમો | 6,000 | 4,000 | 3,000 |

1,00,000 કિલોનો કાચોમાલ રૂા. 10 લેખે ઉપલબ્ધ છે.

ઉપરની માહિતીના આધારે મહત્તમ નફો મેળવવા માટે દરેક વસ્તુના કેટલા એકમોનું ઉત્પાદન કરવું જોઈએ તે જણાવો.

**(બ)** ઉર્મી ઓટોમોબાઈલ્સ લિમિટેડ ના ચોપડામાંથી નીચેની માહિતી મળેલ છે. **4**

| | 2003<br>રૂા. | 2004<br>રૂા. |
|---|---|---|
| વેચાણ | 80,000 | 90,000 |
| નફો | 10,000 | 14,000 |

ઉપરની વિગતો પરથી (i) નફા જથ્થાનો ગુણોત્તર અને

(ii) રૂા. 60,000 નું વેચાણ હોય તો સલામતીનો ગાળો શોધો.

**અથવા**

3. કેમીકલ **X** ના એક ટન માટે પ્રમાણિત મિશ્રણ અંગેની વિગતો નીચે મુજબ છે. **14**

| કેમીકલ | વપરાશ<br>Kgs | કિલો દીઠ પડતર<br>રૂા. |
|---|---|---|
| A | 240 | 6 |
| B | 400 | 12 |
| C | 640 | 10 |

એકમાસ દરમિયાન 6.25 ટનનું ઉત્પાદન થયેલ છે. જેની માહિતી નીચે પ્રમાણે છે.

| કેમીકલ | વપરાશ<br>(ટનમાં) | પડતર<br>રૂા. |
|---|---|---|
| A | 1.6 | 11,200 |
| B | 2.4 | 30,000 |
| C | 4.5 | 47,250 |

નીચેના વિચલનોની ગણતરી કરો.

(i) માલ સામાન ખર્ચ વિચલન

(ii) માલ સામાન ભાવ વિચલન

(iii) માલ સામાન વપરાશ વિચલન

(iv) માલ સામાન મિશ્રણ વિચલન

(v) માલ સામાન પેટા-વપરાશ વિચલન

4. માગ્યા પ્રમાણે જવાબ લખો.

(a) સંચાલકીય હિસાબી પદ્ધતિની મુખ્ય પદ્ધતિઓ જણાવો. **3**

(b) વિવિધ નાણાકિય પત્રકો તૈયાર કરવાના હેતુઓ જણાવો. **3**

(c) મીના લીમીટેડ કંપનીના ગુણોત્તરો અને આદર્શ ગણાવી શકાય એવા ગુણોત્તર આપ્યા છે. તેને આધારે કંપનીની પરિસ્થિતિ પર ટીકાત્મક નોંધ લખો. **8**

| **વિગત** | **કંપનીનો ગુણોત્તર** | **આદર્શ ગુણોત્તર** |
|---|---|---|
| 1. ચાલુ ગુણોત્તર | 4 : 1 | 2 : 1 |
| 2. માલીકી ગુણોત્તર | 60 % | 70 % |
| 3. કાચા નફાનો ગુણોત્તર | 40 % | 40 % |
| 4. દેવાદાર ગુણોત્તર (Velocity) | 35 દિવસ | 45 દિવસ |

**અથવા**

4. **(અ)** નફાનુકસાન ખાતા પરથી અને પાકા સરવૈયા પરથી ઉદ્‌ભવતા **4**

(i) રોકાયેલ મૂડી પર વળતરનો ગુણોત્તર અને (ii) લેણદાર ગુણોત્તરના સુત્ર લખી ઉદાહરણ સાથે સમજાવો.

**(બ)** દેવલ લીમીટેડના પાકા સરવૈયા નીચે મુજબ છે. **10**

| **દેવાં** | **2003-04 રૂા.** | **2002-03 રૂા.** | **મિલકતો** | **2003-04 રૂા.** | **2002-03 રૂા.** |
|---|---|---|---|---|---|
| ઈક્વીટી શેર મૂડી | 7,50,000 | 6,00,000 | મકાન | 7,50,000 | 4,50,000 |
| 10% ની પ્રેફરન્સ-શેર મૂડી | 3,00,000 | 3,00,000 | યંત્રો | 1,50,000 | 3,00,000 |
| | | | ફર્નિચર | 1,50,000 | 1,50,000 |
| અનામત ભંડોળ | 2,73,000 | 2,43,000 | સ્ટોક | 2,25,000 | 1,50,000 |
| 15% ના ડિબેન્ચર | 3,00,000 | 3,00,000 | દેવાદારો | 3,75,000 | 4,50,000 |
| લેણદારો | 30,000 | 24,000 | લેણી હૂંડીઓ | 45,000 | 30,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 30,000 | 36,000 | રોકડ અને બેંક સિલક | 75,000 | 60,000 |
| કરવેરાની જોગવાઈ | 15,000 | 30,000 | | | |
| બેંક ઓવરડ્રાફટ | 75,000 | 60,000 | પ્રાથમિક ખર્ચા | 3,000 | 3,000 |
| | **17,73,000** | **15,93,000** | | **17,73,000** | **15,93,000** |

**વધારાની માહિતી :**

| | 2003-04 રૂા. | 2002-03 રૂા. |
|---|---|---|
| ● કુલ વેચાણ (રોકડ વેચાણ ઉધાર વેચાણનો 3/5 ભાગ છે.) | 18,75,000 | 15,00,000 |
| ● કાચો નફો | 4,50,000 | 3,00,000 |
| ● વ્યાજ અને કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો | 4,65,000 | 4,05,000 |
| ● કરવેરા દર 50 % ધારો | | |
| ● શરૂઆતનો સ્ટોક (1-4-2002) | | 90,000 |

ઉપરની માહિતી પરથી નીચેના ગુણોત્તરોની ગણતરી કરો અને તેનું અર્થઘટન કરો.

(i) ચોખ્ખા નફાનો ગુણોત્તર.

(ii) સ્ટોક ગુણોત્તર (સ્ટોક ચલન દર).

(iii) પ્રવાહી ગુણોત્તર.

5. **(અ)** રાઈઝીંગ સ્ટાર લિમિટેડના વર્ષ ૨૦૦૪ અને 2003 ના પાકા સરવૈયા નીચે મુજબ આપેલા છે તે પરથી રોકડ પ્રવાહ પત્રક 31.3.2004 ના રોજ પૂરા થતા વર્ષ માટે રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો. **14**

| **વિગત** | **31-3-2004 રૂા.** | **31-3-2003 રૂા.** |
|---|---|---|
| **<u>જવાબદારીઓ :</u>** | | |
| ઈક્વીટી શેરમૂડી | 60,000 | 50,000 |
| 10 % ની રીડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી | – | 20,000 |
| મૂડી પરત અનામત | 10,000 | – |
| મૂડી અનામત | 10,000 | – |
| સામાન્ય અનામત | 10,000 | 25,000 |
| નફાનુકસાન ખાતું | 7,000 | 5,000 |
| 9% ના ડિબેન્ચર | 20,000 | – |
| પરચુરણ લેણદારો | 9,500 | 8,000 |
| દેવી હૂંડી | 2,000 | 3,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 3,000 | 2,000 |
| કરવેરાની જોગવાઈ | 9,500 | 6,000 |
| સૂચિત ડિવીડન્ડ | 9,000 | 6,000 |
| | **1,50,000** | **1,25,000** |
| **<u>મિલકતો :</u>** | | |
| જમીન અને મકાન | 15,000 | 20,000 |
| સાંચા અને યંત્રો | 76,500 | 50,000 |
| રોકાણો | 5,000 | 8,000 |
| ઈન્વેંટરી (સ્ટોક) | 9,500 | 9,000 |
| લેણીહૂંડી | 6,500 | 7,000 |
| પરચૂરણ દેવાદારો | 17,500 | 13,000 |
| રોકડ અને બેન્ક | 6,500 | 9,000 |
| પ્રાથમિક ખર્ચા | 1,000 | 2,500 |
| સ્વૈચ્છિક નિવૃત્તી અંગેની ચૂકવણી | 12,500 | 6,500 |
| | **1,50,000** | **1,25,000** |

**વધારાની માહિતી :**

(i) જમીનનો એક ટૂકડો જેની કિંમત રૂા. 12,000 હતી તે રૂા. 15,000 માં વેચેલ છે અને બાકીની જમીનનું પુનઃ મૂલ્યાંકન કરેલ છે. જમીન વેચાણનો નફો અને પુનઃ મૂલ્યાંકનનો નફો મૂડી અનામત ખાતે લઈ ગયા છે.

(ii) 1-4-2003 ના રોજ રૂા. 7,000 ની પડતર કિંમતનું યંત્ર કે જેની ઘટતી જતી બાકી (W.D.V.) રૂા. 5,000 તે રૂા. 9,000 માં વેચેલ છે, અને રૂા. 45,000 ના નવા યંત્રો ખરીદ્યા હતા તેના અવેજ પેટે રૂા. 10,000 ના ડિબેંચર આપેલ છે.

(iii) રૂા. 5,000 ની કિંમતના રોકાણો રૂા. 7,000 માં વેચેલ છે.

(iv) રોકાણોની ખરીદી પહેલાનું ડિવીડન્ડ રૂા. 500 મળેલ છે જે રોકાણની પડતર સામે માંડી વાળેલ છે.

(v) ડિરેકટરોએ ચાલુ વર્ષે 15 % ડિવીડન્ડની ભલામણ કરેલ છે.

(vi) સ્વૈચ્છિક નિવૃત્તિ અંગેની રૂા. 5,000 ની ચૂકવણી સામાન્ય અનામત ખાતે માંડી વાળેલ છે.

(vii) ચાલુ વર્ષ માટેની કરવેરાની જવાબદારી રૂા. 13,500 અંદાજેલ છે.

(viii) સાંચા અને યંત્રો પર 15% લેખે ઘસારો માંડી વાળેલ છે. જ્યારે જમીન અને મકાન પર ઘસારો ગણેલ નથી.

**અથવા**

5. (i) નાણાકિય હિસાબો અને મેનેજમેન્ટ એકાઉન્ટસી **અથવા** રોકડ પ્રવાહ પત્રક અને ભંડોળ પ્રવાહ પત્રક વચ્ચેનો તફાવત સમજાવો. **14**

(ii) નાણાકિય પત્રકોની મર્યાદાઓ વિશે નોંધ લખો.